Saarth
E-Journal of Research
ISSN NO: 2395-339X

# ‘માનવીની ભવાઇ’ નવલકથાનો આરંભ અને અંત

*ડૉ. કાજલબેન બી. બુટાણી

પ્રસ્તાવના:

પન્નાલાલ પટેલનું ગુજરાતી સાહિત્યમાં પદાર્પણ થયું ત્યારે ગુજરાતમાં જ નહીં સમસ્ત ભારતમાં ગાંધીજીનો વ્યાપક પ્રભાવ પ્રસરેલો હતો. છતાં પન્નાલાલનું સમગ્ર સર્જન જોતાં માલૂમ પડશે કે એમની કવિતા, કથા કે વાર્તા સર્જનમાં ક્યાંય ગાંધીજીનો પ્રભાવ જોવા મળતો નથી. એમનું સર્જન ગાંધી પ્રભાવથી હંમેશા મુક્ત રહ્યું છે. જો કે પ્રબોધેલા ગ્રામ જીવનનું આલેખન અને જે તે પરદેશમાં બોલાતી લોક બોલીનું નિરૂપણને પન્નાલાલે અપનાવ્યું છે, પરંતુ એમ કહી શકાય કે એ તો એમણે જોયેલા, જાણેલા અને જીવેલા અનુભવની અમૂલ્ય મૂડી છે. એમણે જીવનના પ્રત્યક્ષ અનુભવમાથી ગ્રહણ કરેલો આ એક અનોખો ખજાનો છે.

‘માનવીની ભવાઇ’ કૃતિમાં પન્નાલાલની વિશિષ્ટતા એ ગણાવી શકાય કે તેમણે વ્યવહારની ભાષાને તેના સ્વાભાવિક સૌદર્ય સાથે અનુભૂતિના ઊંડાણ દ્વારા નવું રૂપ આપ્યું છે. આથી જ કૃતિની ભાષાનો શબ્દ વાસ્તવથી વધારે નજીકનો અનુભવતો હોય છે. કૃત્રિમ લાગતો નથી. કૃતિમાં સંસ્કૃત તત્સમ, હિન્દી, અરબી,

Saarth
E-Journal of Research
ISSN NO: 2395-339X
ફારસી, અંગ્રેજી, રાજસ્થાની છાંટાવાળી ગુજરાતી અને ઉત્તર ગુજરાતની તળબોલી તેની કહેવત, રૂઢિ પ્રયોગ, દોહરો, ગીતો સાથે આવીને નવોન્મેષ પ્રગટાવે છે.

**લેખક પરિચય** :

ગુજરાતનાં ઉત્તર છેડાના ઈશાનીયા ખૂણામાં વસતા આખા સમાજને, એ સમાજના લોક જીવનને, એ લોકોના વ્યાવહારિક જીવનને, એમના સામાજિક, આર્થિક, ધાર્મિક રીતિ-રિવાજોને, એમની મૂંઝવણો-મથામણોને, વેદના-વ્યથા પન્નાલાલે પોતાની કથા-વાર્તાઓમાં સુપેરે સ્થાન આપ્યું છે.

પન્નાલાલ પટેલે લેખનની શરૂઆત આમ તો ટૂંકીવાર્તાથી કરી હતી પરંતુ તે પછી બહુ થોડા સમયમાં એઓ ઉમાશંકર જોષી, સુંદરમ, ઝવેરચંદ મેઘાણી, જયંતિ દલાલ અને રાવી પાઠકના પ્રોત્સાહન અને માર્ગદર્શનને કારણે નવલકથા લેખન તરફ આગળ વધે છે. તળપદા લોક જીવનની પાશ્ચાદભૂમાં રચાયેલી લઘુ નવલ ‘વળામણા’ને જયંતિ દલાલે ‘ગતિ’માં છાપી આ લઘુ નવલને વાંચતાં જ એ ઝવેરચંદ મેઘાણીને ગમી ગઈ એટલે મેઘાણીએ ‘ફૂલછાબ’ માટે ભેટ પુસ્તક લખી આપવા પન્નાલાલને જણાવ્યું. ત્યાર પછી પન્નાલાલે આશરે વીસ બાવીસ દિવસમાં જ ‘મળેલા જીવ’ નવલકથા લખીને મોકલાવી, જેની મેઘાણીએ પ્રોત્સાહક

Saarth
E-Journal of Research
ISSN NO: 2395-339X
પ્રસ્તાવના લખી પન્નાલાલની સર્જકશક્તિને બિરદાવી. આ પછી તો પન્નાલાલ પટેલે પોતાના આયુષ્યના લગભગ ૪૭ વર્ષ સુધી સાહિત્ય લેખનની કામગીરી કરી છે. આટલા લાંબા સમયગાળામાં એમણે ૨૬ વાર્તાસંગ્રહો, ૫૬ નવલકથાઓ, ૬ જેટલા એકાંકી- નાટકો, ૧૫ જેટલા બાળ-કિશોર સાહિત્યના પુસ્તકો તેમજ અન્ય પ્રકિર્ણ પ્રકારના પુસ્તકો આપ્યા છે.

**કથાનો આરંભ અને અંત:**

પન્નાલાલ પટેલની જ્ઞાનપીઠ એવોર્ડ વિજેતા રચના 'માનવીની ભવાઇ' એ માત્ર બે વ્યક્તિનો પ્રણય પ્રસંગ કે પ્રેમીયુગલની પ્રેમકથા જ નથી,પણ ઈશાનીયા ખંડની માનવ જાતની જીવનકથા છે. કાળુ-રાજુની પ્રણયકથા નિમિતે લખાયેલી ગુજરાત-રાજસ્થાન ના સરહદી વિસ્તાર ની જાનપદી નવલકથા છે. કથાનો નાયક કાળુ, કથાનાયિકા રાજુ, એમનો પ્રેમસંબંધ, એમના સગાસંબંધીઓ, એમના કાવા દાવા, એમના રાગ-દ્વેષ-ઈર્ષ્યા વગેરે પન્નાલાલની સર્જકતા અને જાત અનુભવને લીધે જીવંત રૂપે પ્રસ્તુત થયા છે. નાનપણમાં થયેલો કાળુ-રાજુનો વિવાહ કાકી માલી ડોશીની કપટલીલાને કારણે તૂટી જાય છે. ત્યાર પછી કાળુનાં લગ્ન ભલી સાથે અને રાજુના લગ્ન ઘ્યાળજી સાથે થાય છે, પણ તેઓ એકબીજાના

Saarth
E-Journal of Research
ISSN NO: 2395-339X
સંસારજીવનમાં સુખી થતાં નથી. માલી કાકીને કાળુ અને રાજુ ભત્રીજા જમાઈ અને કાકી સાસુ જેવા નવા સંબંધે બંધાય છે. આ જ માલી કાકી જ્યારે મૃત્યુ પામે છે ત્યારે એમના નગ્ન દેહ પર કાળુ પોતાનું ફાળિયું ઓઢાડી પોતાની સોનાની વીંટી માથી એક કટકો કાપી માલી ડોશીના મુખમાં મૂકી અંતિમ સંસ્કાર કરે છે. કથાના આરંભના દસ પ્રકરણોમાં કાળુ-રાજુની પ્રણયકથા અને એ નિમિત્તે ઉદ્દભવતી સમસ્યાઓ-મુશ્કેલીઓનું આલેખન થયું છે, તો પછીના બાર પ્રકરણમાં છપ્પનિયો દુકાળ અને એની ભયાનકતા, ભૂખ્યા ગામ લોકોની કરુણતા, મહાજનની મદદભાવના અને અંતે વરસાદ વરસતા થતું કાળુ-રાજુનું ઉત્કંઠ મિલન વગેરે સૂક્ષ્મ રીતે આલેખાયા છે.

'માનવીની ભવાઇ' નવલકથામાં આવતા પ્રકરણોનું નામકરણ પણ પન્નાલાલ પટેલે જાનપદી નવલકથાના કથાવસ્તુ અનુસાર જ કર્યું જણાય છે. દરેક પ્રકરણ કથાના હાર્દને સૂક્ષ્મ રીતે પ્રગટ કરે છે. જેમ કે, 'ઝાંકળિયામાં', 'પરથમીનો પોઠી', 'જીવ્યામર્યાના જુહાર', 'ભૂખી ભૂતાવળ', 'ખાંડણિયામાં માથા રામ', 'ઉજ્જડ આભાળે અમી', 'માનવીની ભવાઇ'.... વગેરે. 'માનવીની ભવાઇ'માં આવતા વિધ વિધ ભાતના અને સ્વભાવના પાત્રો માનવ જીવનની અને માનવમનની સૂક્ષ્મ ભાવનાઓને  અને સંવેદનાઓને રજૂ કરે છે. માનવીના સદ્-અસદ્ ભાવોનું

Saarth
E-Journal of Research
ISSN NO: 2395-339X
પ્રતિનિધિત્વ કરે છે. કાળુ, રાજુ, રૂપા, વાલો, માલી કાકી, ફૂલી ડોશી, ભલી, રણછોડ, નાનિયો, ધાળજી, પેથા પટેલ, કોદર, કાસમ, વેચાત, નાથો, પરમો, ખોડી, રૂખી, સુંદરજી શેઠ વગેરે પાત્રો એમની સ્વભાવગત લાક્ષણિકતાઓના કારણે જુદા જ તરી આવે છે. લેખકે અહીં એમના વટ-વેર, સ્નેહ-ઈર્ષ્યા, સ્વમાન-અપમાન, હર્ષ-શોક આદીનું પરિસ્થિતિગત વર્ણન કર્યું છે.

'માનવીની ભવાઇ' નવલકથા પૂર્વાર્ધ અને ઉત્તરાર્ધ એમ બે ભાગમાં વહેંચાય જતી જોવા મળે છે. આરંભમાં કાળુ-રાજુની પ્રણયકથા નિમિત્તે માનવ જીવનની સમસ્યાઓ, અનિષ્ટતાઓ અને આકાંક્ષાઓ તો અંતમાં છપ્પનિયા દુષ્કાળની ભીષણતા, વિનાશલીલા અને લોકજીવનની કરુણતા નિરૂપાઈ છે. એટલે એમ કહી શકાય કે, આરંભમાં માનવસર્જિત આપત્તિઓનું તો અંતમાં કુદરત નિર્મિત વિપત્તિઓનું પન્નાલાલે જીવંત અને હૃદયસ્પર્શી આલેખન કર્યું છે. અહીં લેખકે માનવી માનવી વચ્ચેનો તેમ જ માનવી અને કુદરત વચ્ચેનો સંઘર્ષ સુરેખ રીતે આલેખ્યો છે.

પન્નાલાલ પટેલે 'માનવીની ભવાઇ'ની કાળુ-રાજુની કથાને 'ભાંગ્યાના ભેરુ' અને 'ઘમ્મર વલોણું' ભાગ ૧-૨ એમ બે ભાગમાં આગળ વિસ્તારી છે. અહીં લેખકે

Saarth
E-Journal of Research
ISSN NO: 2395-339X
કાળુ-રાજુના આયુષ્યના અંત સુધીની ત્રણ પેઢીની કથા દ્વારા મહાકથાનું આયોજન કર્યું છે. જો કે કલા દ્રષ્ટિએ 'માનવીની ભવાઇ' જેવી ક્ષમતા આ નવલકથાઓમાં સાબિત થતી નથી. 'ભાંગ્યાના ભેરુ'ની કથામાં દુષ્કાળમાં વેરવિખેર થઈ ગયેલા ગામને ફરી નવેસરથી વસાવવાની કાલુની મહામહેનત, દુષ્કાળની અસરમાંથી મુકત થતાં લોકો, ભીલોની લૂંટફાંટ, લોકોની ભૂખી ભૂતાવળ, ભૂખ્યા લોકો પર ગોળીઓ છોડતા જમાદાર, ગોળીનું નિશાન બનતા કોદરનું મૃત્યુ, રાજુના પતિ ઘાળજીનું મૃત્યુ, નાનીયાની દુષ્ટતા, ગોરા-ખ્રિસ્તી લોકોનું આગમન, નાગાબાવાનું આગમન, દુષ્કાળમાં ભૂખ મટાડવા પરપુરુષનો સહવાસ કરતી અને પછી પરત ઘરે ફરતી નાનાની  પત્ની ખોડી અને કાળુની પત્ની ભલીનો સ્વીકાર, પરપુરુષ દ્વારા સગર્ભા બનેલી ભલી, ભલીથી થયેલા પુત્ર પ્રતાપનો જન્મ, પ્રતાપના લગ્ન, પ્રતાપનું ગુમ થઈ જવું, ભલીનું નાના ને બારણે માથા પછાડીને મરવું, નાનાની ગળે ફાંસો ખાઈને આત્મહત્યા, પ્રૌઢ વયે કાળુ-રાજુનું મિલન વગેરે ઘટનાઓ-પ્રસંગોનું લેખકે અસરકારક આલેખન કર્યું છે. લેખકે 'માનવીની ભવાઇ'ના આરંભમાં પ્રેમસંબંધ હોવા છતાં જે બળવો કાળુ-રાજુ ન કરી શક્યા તે કામ 'ધમ્મર વલોણું' માં પ્રતાપ-ચંપાના બળવાખોર પાત્ર દ્વારા પૂર્ણ કર્યું છે.

Saarth
E-Journal of Research
ISSN NO: 2395-339X

અંતમાં છેલ્લા પાંચ પ્રકરણમાં કાળુ-રાજુની જાત્રા, કાળુ-રાજુનું મૃત્યુ, કાળુનાં પુત્ર પ્રતાપનું પ્રધાનપણું, પ્રતાપની સ્વૈચ્છીક નિવૃત્તિ અને પોતાના માદરે વતનની પ્રવૃત્તિ આદિ વાત અહીં ઉતાવળે વ્યક્ત કરાય છે. લેખક થોડો સમય અરવિંદ આશ્રમ પોંડીચેરીમાં ગાળીને આવ્યા હોવાથી અહીં છેલ્લા પ્રકરણ અમૃત સફા અને ઉર્ધ્વગમનમાં અરવિંદ દર્શનનો પ્રભાવ અનુભવાય છે.

**સંદર્ભ સૂચિ:**

૧. 'માનવીની ભવાઇ' પન્નાલાલ પટેલ, અઢારમી આવૃત્તિ ૨૦૦૮, પ્રકાશક- સાધના પ્રકાશન, અમદાવાદ.

૨. 'માનવીની ભવાઇ'ના કાળુની અલવિદા ઇડરના કુકડિયાએ રતન ખોયું, શોકસભા, દિવ્ય ભાસ્કર, ૫ જાન્યુઆરી ૨૦૧૫.

૩. જાનપદી નવલકથા વિભાવના અને વિકાસ-કિશોરસિંહ સોલંકી

૪. અર્વાચીન ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ-ડો. રમેશ ત્રિવેદી

૫. કથા ભાગ ૧-૨ , બાબુ દાવલપુરા